# અમદાવાદના મહે.૩૩ મા એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ સાહેબશ્રી (ને.ઈ.એકટ)ની કોર્ટ નં.૨૮,અમદાવાદ શહેર

**ફોજદારી કેસ નં. ૨૮૦૦૪૧૦/૨૦૧૬**

## આંક–૧ લગત હુકમ

૧. ફરીયાદીની ફરીયાદ વંચાણે લીધી,રેકર્ડ ધ્યાને લીધું. હાલની ફરીયાદ **વર્ષ:૨૦૧૬**માં દાખલ કરેલ છે. ત્યારબાદથી આજદિન સુધી હાલની ફરીયાદની કાર્યવાહી નોંધપાત્ર રીતે આગળ વધેલ નથી અને હાલની ફરીયાદ ઘણા લાંબા સમયથી અત્રેની અદાલત સમક્ષ અન એટેન્ડેડ પડતર પડી રહેલ છે અને આવા કેસો મોટી સંખ્યામાં અદાલતમાં પડી રહેવાનાં કારણે જે કેસોની કાર્યવાહી અદાલતે ખરેખર હાથ ધરી પક્ષકારોને ન્યાય અપાવવો જોઈએ તેવી અદાલતી કાર્યવાહીમાં ન્યાય વિલંબીત બને છે. રેકર્ડ આધારે જોતાં હાલનો કેસ ખૂબજ જુનો ટાર્ગેટેડ કેસ છે. નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા પણ વખતો–વખત સૂચના આપી આવા જૂના ટાર્ગેટેડ કેસોનો ઝડપી નિકાલ કરવા જણાવેલ છે. હાથ ઉપરનો કેસ વર્ષ:**૨૦૧૬** નો એટલે કે ટાર્ગેટેડ કેસ છે અને સદર કેસમાં કોઈ જ આગળની કાર્યવાહી જણાઈ આવતી નથી. સદર કેસના ફરીયાદી કે ફરીયાદીના વિ.વકીલશ્રી હાજર રહી કાર્યવાહી આગળ વધારવા કોઈ જ સક્રિયતા દાખવેલ નથી તેમજ આજરોજ પણ ફરીયાદી કે ફરીયાદીના વિ.વકીલશ્રી હાજર નથી.

૨. **ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત,ક્રિમીનલ અપીલ નં.૨૪૦૫/૦૯, નામ.ગુજરાત હાઈકોર્ટ જજમેન્ટ તા.૧૦–૦૧–૨૦૧૦** ના ચુકાદામાં નામ.ગુજરાત રાજયની વડી અદાલતે પણ ઠરાવેલ છે કે જો ફરીયાદી પોતાની ફરીયાદમાં યોગ્ય પ્રક્રિયા અનુસરીને ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવામાં નિષ્ફળ જાય તો, તેવા કિસ્સામાં અદાલતે ફરીયાદીની ફરીયાદને ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવા સબંધેનો ફરમાવેલો હુકમ ન્યાયોચિત હોવાનું ઠરાવેલ છે. વધુમાં,નામ.સુપ્રિમ કોર્ટ, એસ.રામા ક્રિષ્ણા વિ. એસ.રામી રેડ્ડી,૨૦૦૮ લોસ્યુટ(એસ.સી.)૬૬૨ ના ચુકાદામાં પ્રસ્થાપિત સિધ્ધાંત ધ્યાને લેતાં પણ ફરીયાદી કેસની કાર્યવાહી આગળ ધપાવવા કોઈ જ સક્રિય પ્રયત્નો કરેલા ન હોય,વધુ તક આપવી ઉચિત જણાતું નથી.

૩. આ કામે પણ આગળ ઉપર ચર્ચા કર્યા મુજબ ફરીયાદીએ ફરીયાદ દાખલ કર્યા બાદ આગળની યોગ્ય ન્યાયીક કાર્યવાહી આગળ ધપાવવા સબંધે કોઈ જ નોંધપાત્ર કાર્યવાહી હાથ ધરેલ નથી કે જેના કારણે ફરીયાદની કાર્યવાહી આગળ ચલાવીને તેનો ન્યાયી નિર્ણય અદાલત કરી શકે તેમ નથી. તેમજ ટાર્ગેટેડ કેસો સંદર્ભે નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા વખતો–વખત કરેલા સૂચનોને ધ્યાને લેતાં સદર કેસનો નિકાલ જરૂરી જણાય છે. તેવા સંજોગોમાં હાલની ફરીયાદ સબંધે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવો ન્યાયોચીત જણાય છે.

## :: આખરી હુકમ ::

ફરીયાદીની ફરીયાદ ડીસમીસ ફોર ડીફોલ્ટ કરી કેંસલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ રોજ તા.૦૫,માહે–મે,વર્ષ:૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી,મારી સહી કરી જાહેર કર્યો.

તા.૦૫/૦૫/૨૦૨૬

સ્થળ:અમદાવાદ.

( MOHAMMEDYUNUS A.PIPRANI )

૩૩ માં એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

ને.ઈ.એકટની કોર્ટ નં.૨૮,અમદાવાદ શહેર

જી.જે.૦૧૨૨૨